## જન્મદિને વધામણી


એચ એમ ગુરુબક્ષાણી
મો. ૯૯૭૪૩ ૫૩૮૦૨


વિશેષ લાલાભાઈ રબારી


જયદેવ હિરેનકુમાર વાળંદ
મો. ૯૭૨૩૦ ૮૫૫૮૪





ગાંધીનગર, તા. ૧૩

દેશમાં સૌપ્રથમવાર ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે ઈ લર્નીંગ મારફતે ફોરેન્સિક એકાઉન્ટિંગ એન્ડ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન કોર્સની શરૂઆત કરવામાં આવી છે. આ કોર્સ મુંબઈ ખાતેના સીડીઆઈએમએસ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સનું લોન્ચિંગ ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના મહા નિયામક ડૉ જે એમ વ્યાસના વરદ હસ્તે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના ઑડિટોરિયમમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. જે એમ વ્યાસે જણાવ્યું હતું કે કન્વેન્શનલ ક્રાઈમને સ્થાને વ્હાઈટ કૉલર ક્રાઈમ, ઈકોનોમિક્સ ઓફેન્સીસ અને ડિજીટલ ક્રાઈમ્સ દિન પ્રતિદિન વધતા જાય છે. સાયબર ક્રાઈમને કોઈ બાઉન્ડ્રી હોતી નથી. આવા ગુનાઓ ઉકેલવા માટે દેશ અને દુનિયામાં ફોરેન્સિક એકાઉન્ટિંગ અને ફ્રોડ ઈન્વેસ્ટીગેશનના નિષ્ણાતોની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. સુપ્રિમ કૉર્ટે બેન્ક પાસેથી મોટી રકમ લેનાર પાર્ટીઓ, કંપનીઓનું ફોરેન્સિક ઓડિટિંગ કરાવવાનું જણાવ્યું છે. ઉપરાંત બેન્કોમાં પણ ફોરેન્સિક ઓડિટિંગની જરૂરિયાત ઊભી થઈ છે. આ સંજોગોમાં આ ઈ-લર્નિંગ સર્ટીફિકેટ કોર્સ ઓન ફોરેન્સિક એકાઉન્ટિંગ એન્ડ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન આવા નિષ્ણાતો તૈયાર કરવામાં અગત્યનો ફાળો ભજવશે અને આવા ગુનાઓ ઉકેલવામાં રાષ્ટ્રીય સ્તરે મદદરૂપ બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કોર્સમાં જોડાવાથી પ્રશિક્ષણાર્થીઓને ફોરેન્સિક એકાઉન્ટિંગ અને ફ્રોડ ઈન્વેસ્ટીગેશન વિશે વિગતવાર અને ઊંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવશે, આ કોર્સમાં સ્ટડી ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જેથી પ્રેક્ટિકલ જ્ઞાન મળી શકે.

હાલમાં વિવિધ ફાઈનાન્સિયલ કંપનીઓ, સંસ્થાઓમાં વ્યાપક પ્રમાણમાં કૌભાંડો થયા છે જેનું ફોરેન્સિક ઓડિટિંગ જરૂરી બન્યું છે. આ માટે આવા તાલીમ પામેલા ફોરેન્સિક ઓડિટિંગ નિષ્ણાતો દેશની જરૂરિયાતને પહોંચી વળવા તૈયાર કરવા જરૂરી છે. આ કોર્સ વિદ્યાર્થીઓ ઉપરાંત વિવિધ પ્રૉફેશનલ્સ જેમકે ઈન્કમ ટેક્ષ, સેલ્સ ટેક્ષ, વેટ, ડીઆરઆઈ, પોલીસને પણ ઉપયોગી નીવડી શકે છે.

આ પ્રસંગે ચેતન દલાલે કોર્સ અંગેની વિગતવાર માહિતી આપી હતી. ઈન્સ્ટીટ્યુટ ઑફ ફૉરેન્સિક સાયન્સના નિયામક ડૉ. ઍમ ઍસ દહિયા, પ્રૉફેસર ઍસ ઓ જુનારે તથા આમંત્રિત મહેમાનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આદિશ્વર કૉલેજ ખાતે પ્રૉજેક્ટ ફેર

ગાંધીનગર, તા. ૧૩

શહેરની આદિશ્વર કૉલેજ ઑફ ટેકનોલૉજી ખાતે તાજેતરમાં ફાઇનલ સૅમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે પ્રૉજેક્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના ઈનોવેટિવ પ્રૉજેક્ટ્સ પ્રસ્તુત કર્યા હતા. આ પ્રૉજેક્ટ ફેરમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ઍમ ઍન પટેલ અને વિનસ ગૃપ ઑફ કૉલેજના વાઈસ ચૅરમૅન આદિ જૈન ઉપસ્થિત રહ્યા હતા. ઍમ ઍન પટેલે વિવિધ ૧૫૦ જેટલા પ્રૉજેક્ટ્સ વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી અને વિદ્યાર્થીઓને એ બાબતની માહિતી આપી હતી કે તેમણે તેમનાં ઈનોવેશન્સને સ્ટાર્ટ અપ સુધી કઈ રીતે લઈ જવાં. આ પ્રૉજેક્ટ ફેરમાં મીકેનિકલ ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા મલ્ટીપર્પઝ ફાયર ફાઈટિંગ રૉબોટ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પ્રૉ. ચિંતન આર પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવેલો આ રૉબોટ આગ લાગે ત્યારે અગ્નિશમન દળના જવાનો જ્યાં ન પહોંચી શકે એવી જગ્યાએ પહોંચી અગ્નિશમન માટે સહાય કરે છે. આ રૉબોટ સાથે વૉટર ટૅન્ક પણ જોડાયેલી છે. તેની અંદરના ભાગે કૅમેરા પણ લગાડવામાં આવ્યો છે, જેના દ્વારા ઘટનાસ્થળનું બહારથી નિરક્ષણ થઈ શકે છે. વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા આ વર્કિંગ મૉડેલને કૉલેજ દ્વારા સ્ટાર્ટ-અપ તરફ લઈ જવા માટે જરૂરી મદદ કરવામાં આવશે તેમ આદિ જૈન દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય પ્રૉજેક્ટ્સને પણ પૅટન્ટ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



## બોરીજ પ્રાથમિક શાળામાં વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

નવાપરા બોરીજ પ્રાથમિક શાળા ખાતે જશોદાબેન ગોરધનદાસ દરજીનો નિવૃત્તિ વિદાય સમારંભ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષસ્થાને ગાંધીનગર મહાનગરપાલિકાનાં નગરસેવક લલિતાબેન વી ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે નિવૃત્ત થનાર જશોદાબેનને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનો, શાળા પરિવાર વતી જશોદાબેનને શાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામના અગ્રણી દાજીજી ઠાકોર, શનાજી ઠાકોર, ગાંડાજી ઠાકોર, સુરસંગજી ઠાકોર, વાઘાજી ડી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમૃતભાઈ દવે તથા આશાબેન લિંબાચીયા દ્વારા ને આભારવિધિ રશ્મિતાબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી.

## સરકારી વિજ્ઞાન કૉલેજ ઍકેડેમિક અને ગ્રીન ઑડિટના માર્ગે

ગાંધીનગર, તા. ૧૩

છેલ્લા કેટલાક સમયથી શિક્ષણમાં આમુલ ફેરફાર આવી રહ્યા છે. ઉચ્ચ શિક્ષણમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તેટલું જ નહીં, સ્નાતકની પદવી મેળવનાર હરકોઈ વિદ્યાર્થી ગુણવત્તાસભર શિક્ષણ મેળવે, આર્થિક રીતે પગભર થાય તેવો આત્મવિશ્વાસ મેળવે તે દિશામાં શિક્ષણ નીતિ તૈયાર થઈ રહી છે. આવા જ એક પ્રકલ્પના ભાગ રૂપે સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર સામે ચાલીને એકેડેમિક ઓડીટ અને ગ્રીન ઓડીટ માટે જઈ રહી છે.

એકેડેમિક ઓડીટ માટે રાજયકક્ષાએ નિમણુક પામેલ શૈક્ષણિક જગતના તજજ્ઞોની એક ટીમ તા. ૭-૮ મે દરમ્યાન સંસ્થાની મુલાકાત લેશે અને કોલેજમાં જે પધ્ધતિથી શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યુ છે તે વિશે મૂલ્યાંકન કરી ગ્રેડ નક્કી કરશે. આ મૂલ્યાંકન પધ્ધતિમાં મુખ્યત્વે અભ્યાસક્રમનું માળખું, ટીચીંગ-લર્નિંગ પધ્ધતિ, સંશોધન ક્ષેત્રે કોલેજનું યોગદાન, રમત-ગમત અને શિક્ષણેતર વિદ્યાર્થી વિકાસની અન્ય પ્રવૃત્તિઓ ઉપરાંત ભૌતિક સુવિધાઓ , વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે ભવિષ્યનું આયોજન અને શિક્ષણ ક્ષેત્રની ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ વિશે તમામ રેકર્ડ તથા કામગીરી ચકાસવામાં આવશે અને તે પરથી ગ્રેડ નક્કી કરવામાં આવશે.

સંસ્થા પાસે ઉત્તમ અને વિદ્વાન પ્રાધ્યાપકોની મોટી ટીમ કાર્યરત છે. જેઓ વિજ્ઞાનના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી સંશોધન તરફ પ્રેરે છે. સમગ્ર મૂલ્યાંકનનાં પાસાઓને લક્ષમાં રાખી કોલેજનું નેતૃત્વ કરનાર આચાર્ય કે.જી.છાયા તથા કોલેજનો સમગ્ર સ્ટાફ મૂલ્યાંકનમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરવા માટે છેલ્લા બે માસથી સતત કાર્યશીલ રહ્યો છે.

**ડાયરેક્ટ ❤ સે**

કોઈએ
ધૂળ શું નાખી આંખોમાં
પહેલાંથી
વધારે સારું દેખાવા લાગ્યું

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડુ દિવાના
૧.૦૦
**સ્ક્રીન-૫**
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

## સાયન્સના ચોથા સૅમેસ્ટરની ફાઈનલ આન્સર કી જાહેર

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવેલી સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. સાયન્સના મુખ્ય ચાર વિષયની બોર્ડ દ્વારા અગાઉ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાઈ હતી. ત્યાર બાદ વિદ્યાર્થીઓ પાસેથી આન્સર કીમાં કોઈ ભુલ હોય તો પુરાવા સાથે રજૂઆત કરવા સુચના આપી હતી. દરમિયાન વિદ્યાર્થીઓની રજૂઆતો બાદ બોર્ડ દ્વારા સાયન્સની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ફિઝિક્સમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ એક ગુણની લહાણી કરાઈ છે. જ્યારે કેમેસ્ટ્રીમાં એક પ્રશ્નના બે વિકલ્પ સાચા હોવાથી વિદ્યાર્થીઓએ બેમાંથી કોઈ પણ વિકલ્પ લખ્યો હશે માર્ક આપવાનું નક્કી કરાયું છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ૧૫ માર્ચથી સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા સાયન્સના મુખ્ય ચાર વિષય મેથ્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને ફિઝિક્સની પાર્ટ-એની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી હતી. પ્રોવિઝનલ આન્સર કીમાં ફિઝિક્સમાં વિદ્યાર્થીઓને એક ગુણ આપવાનો અને કેમેસ્ટ્રીમાં બે વિકલ્પ સાચા હોવાનું જણાઈ આવ્યું હતું. ૨૯ માર્ચના રોજ બોર્ડ દ્વારા જાહેર કરાયેલી પ્રોવિઝનલ આન્સર કીના આધારે વિદ્યાર્થીઓ પાસેથી રજૂઆતો મંગાવાઈ હતી.

૫ એપ્રિલ સુધી વિદ્યાર્થીઓએ પુરાવા સાથે બોર્ડ સમક્ષ રજૂઆતો કરી હતી. જેના આધારે બોર્ડ દ્વારા તમામ પુરાવાઓની તજજ્ઞો પાસે ચકાસણી કરાવી ફાઈનલ આન્સર કી તૈયાર કરાઈ હતી. બોર્ડે મંગળવારના રોજ સાયન્સના મુખ્ય ચાર વિષયોની ફાઈનલ આન્સર કી જાહેર કરી છે. જેથી હવે આ ફાઈનલ આન્સર કીના આધારે સાયન્સ ચોથા સેમેસ્ટરનું પરિણામ તૈયાર કરાશે.

# જીવનમાંથી નિર્દોષતાને જાકારો આપવા માટે સૌ જવાબદાર


જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

બધું જ ધારણા મુજબ બને એમ ધારી લેવું એ જીવનની કપરી ક્ષણ હોય છે. પુરુષાર્થ કર્યા બાદ ફળ કેવું અને કેટલું મળશે તો કોઈ કહી શકતું નથી. કર્મ કરવાનો અધિકાર જે ઉપલબ્ધ છે તેને ગંદો કરવાની ચેષ્ટા એ જ અધર્મનું અંગ છે. બાળકોની નિર્દોષતા હવે લુપ્ત થઈ રહી છે. અર્થાત જન્મથી લઈ સ્કૂલ ના જાય ત્યાં સુધીની ઉંમરનાં બાળકો બધાથી તદ્દન પર રહેતાં હતાં, પરંતુ હવે તેઓ નવી સદીની જીવનશૈલીમાં બધું જ સમજી, જાણી શકે ચે. હોય નાનાં છતાં ખબર બધી જ પડે તો તે નિર્દોષ કઈ રીતે ગણાય ! કેટલાંક કર્મો સામાજિક પાપનાં ભાગરૂપ છે. દરેકના જીવનમાં નાણાંનું મહત્ત્વ રહે તો પણ માણસનું માનવી હોવાનું તો કોઈ મૂલ્ય રહે નહીં.

જીવન જીવવા માટે, સવલતો, અભ્યાસ, હેલ્થ વગેરે માટે પૈસો મહત્ત્વની ચીજ છે પણ એની કોઈ મર્યાદા હોય કે નહીં ? ભારતમાં તમામ ક્ષેત્રોમાં નાણાંકીય બાબતોની ઘટનાઓ જોઈ જોઈને પ્રજા હતાશ, ઉદાસ અને નીરસ થઈ ચૂકી છે. નાણાંથી કયું કામ એવું છે કે નથી થઈ શકતું એ તાર્કિક દલિલે માનવીના સદગુણોનો સર્વનાશ થયો છે. જીવનને માત્ર રાત-દિવસના માપદંડથી જ જીવવાનું કે ભોગવવાનું છે ? નિર્દોષતાનો આનંદ બધાએ ભેગાં મળીને પૂરો કરી જ નાખ્યો છે. ઉત્સવોના સત્ત્વને ખત્મ કરી કલૂષિત કરી મૂક્યું છે. બાળકોની કુમળા માનસની દરકાર કોઈ કરતું જ નથી. કેમ કે બજારના ગ્રાહકોમાં મોખરે રહે છે. ટીવી ઉપરની જાહેરખબરોથી બજારમાં ચીજો વેચાય છે, માર્કેટ ટકાવી રાખવું છે. ગ્રાહકસેવાનાં રૂડાં રૂપાળાં સૂત્રોનો સાથ લઈ બધા માત્ર કમાણીક રવામાં જ મગ્ન છે ત્યાં ભારતના બીજા પ્રશ્નો ધ્યાને લેવાની વાત નથી. ભારતનું બચપણ કંગાળ છે. કુપોષણ છે તેની ચિંતા એક બાજુએ છે, વાતોના વડા સૌ કરવામાં આતુર છે, જેનાથી બાળકોનું પેટ ભરી શકાતું નથી. વાતોના વળગણની નબળાઈ ઉપર મોબાઈલ કંપનીઓ કરોડો કમાઈ રહી છે, લોકોનાં ખિસ્સાં ખાલી જ રહ્યા કરે છે છતાં સૌ હસતાં રહેવાનું પાત્ર ભજવતાં રહે છે. જીવનમાંથી નિર્દોષતાને હવે જીવંત રહેવા દીધી નથી. સંવેદનાની હયાતી જ મરી રહી છે. વણિકને સત્યનારાયણ ભગવાને સહાય કરી તેવી જ મદદ સૌને કરવા આતુર ઈશ્વરને પણ સાચા માનવીની તલાશ છે. પણ માણસમાં એ પાત્રતા ક્યાં ? ભક્તિ હોય કે વ્યવહાર હોય, બધામાં નિર્દોષપણું ગૂમ થયું છે. કહેવાતા મોટા માનવીનાં કાળાં કરતૂતો મીડિયામાં આવે પછી સમાજ ફરીથી કંઈક જાગવાની કોશિષ કરે છે. ઈશ્વરને બાળકો ગમે છે, તેમનામાં જગત વસતું હોતું નથી, તેઓ જ્ઞાતિ, જાતિ, પાપ, પુણ્ય, આસક્તિ, વિષયથી દૂર હોય છે.

બાળક જેવા થાઓ તો ઈશ્વર ખુદ તમારી પાસે આવે પણ આ કામ સરળ રહ્યું નથી. બલ્કે આજના માનવીએ બાળકોને વિકૃતિઓ તરફ ધકેલ્યાં છે.

આજના માનવીએ પ્રેમ જેવા પારસમણીને પથ્થરમાં તબદિલ કર્યો છે. દિલમાં મગજને ગોઠવી દેવાની ચેષ્ટા થઈ રહી છે. પાણીની પરબ અને સદાવ્રતો ક્રમશઃ બંધ થતાં જાય છે. અંતરનાં અમી ઝરણાંનો હવે દુષ્કાળ ઊભો થયો છે. નારી પુરુષ સમોવડી થશે કે નહીં તેની ખબર નહીં પરંતુ વિશ્વમાં નારીનું શોષણ, ઉત્પીડન, બળાત્કારો વધતાં જાયછે. નારીથી ઘરમાં ગૃહસ્થી સુગંધિત છે પણ તેને હવે ધીમે ધીમે બધાં ક્ષેત્રોમાં વિકાસના નામે ખેંચવાનું મોટું પ્રલોભન આપવામાં આવી રહ્યું છે. ટૂંકમાં, ઘરના ઘરમાં હવે વેદનાઓ જ વધશે, સંવેદનાઓ માર્કેટમાં જતી રહેવાની છે !

બજાર, બેન્ક, કૃષિ, મંદિર કે બીજાં ક્ષેત્રોમાં ભોળાનો અર્થ મૂર્ખ થવા લાગ્યો છે એ મૂળ ચિંતાનો વિષય છે. પરિવાર જેની મહેનતથી સુખી રહે છે બહુધા એ જ વ્યક્તિ જીવનમાં એકલો પડી જાય છે. કારણ કે માનવ વ્યવહારોમાંથી મૂલ્યો અને નિર્દોષતા ગાયબ થયાં છે. પ્રેમનો પર્યાય પ્રેમ જ હોવા છતાં હવે પ્રેમ માટેની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે. પણ આ પ્રેમ નહીં, વહેમ છે એ લોકો સમજી નથી રહ્યા. ચિંતા કરવી પડે તેવું વિશ્વ રચવામાં આવી રહ્યું છે. દૃષ્ટિ જ પ્રથમથી વિકૃત કરવામાં આવી રહી છે ને સૌ પાપમાં ભાગીદાર બની રહ્યાં છે એ કડવી વાસ્તવિકતા છે.

જીવનમાં બધું જ હશે છતાં દિલમાં શાંતિ કે ઘરમાં સુકૂન નહીં હોય તેવા દિવસોનું નિર્માણ અટકાવવું હવે જરૂરી બની ગયું છે. રાતોરાત દેશ કે સમાજ વિકૃત થઈ જતાં નથી, એ ધીમા ઝેરની જેમ આપણા સભ્ય સમાજને મારે છે. માટે હવે અંદરના ઈશ્વરીય સંકેતોને સમજીએ તો જ સુખ અને સમૃદ્ધિ મળે એમ છે, બાકી ભૂકંપોની આશા જ રાખવી પડે.

**શેર આસ્વાદ**

માણસ દિવાલ જેવો નથી, બંધ દ્વાર છે; ઉઘડી જશે તો પ્રેમનો અવતાર થઈ જશે.

(હરીશ ઠક્કર)



## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**